# કિશોરવયે કાઠું કાઢતા એપ્સ ડેવલપર્સ...

**કિશોરવયે કંપનીના સીઈઓ કે પ્રમુખ બનવા માટે શું જોઈએ ? કામ કરવાનો ઉત્સાહ, જિજ્ઞાસાવૃત્તિ અને માતાપિતાનો ટેકો.અહીં એવા જ કેટલાક અભ્યાસ કરતા કિશોર ઉદ્યોગ સાહસિકોની વાત કરી છે કે જેઓએ અનેકવિધ હેતુ માટે ભિન્ન ભિન્ન એપ્સ બનાવી છે અને એમને એમનાં સપનાં પૂરાં કરવાં લોકોએ સહાય પણ કરી છે.**



ઉદ્યોગ સાહસિક અવિ દયાની અને નક્સ કોહલી શેની એપના વિચાર સાથે આવ્યા હતા, જે ટૂંકમાં શોર્ટ સર્વિસ નેની તરીકે પણ ઓળખાય છે. બંને કિશોરો તેમના અભ્યાસની સાથે આ પ્રવૃત્તિ કરે છે.

**વિવેક મહેતા.** aarpar@gmail.com

કિશોરવયે કંપનીના સીઈઓ કે પ્રમુખ બનવા માટે શું જોઈએ ? કામ કરવાનો ઉત્સાહ, જિજ્ઞાસાવૃત્તિ અને માતાપિતાનો ટેકો.અહીં એવા જ કેટલાક અભ્યાસ કરતા કિશોર ઉદ્યોગ સાહસિકોની વાત કરી છે કે જેઓએ અનેકવિધ હેતુ માટે ભિન્ન ભિન્ન એપ્સ બનાવી છે અને એમને એમનાં સપનાં પૂરાં કરવાં લોકોએ સહાય પણ કરી છે.

કાયદાની રૂએ જોઈએ તો કિશોરવયે કંપની સ્થાપી શકાય નહીં. આ એક દેખીતું કારણ છે.અલબત્ત માત્ર આ એક જ કારણ નથી કે જેના લીધે ઉપરોક્ત જણાવેલ ત્રણ બાબતો જોઈએ.ખરેખર તો કિશોરવયે કોઈ બાળક ઉદ્યોગસાહસિક બને એ માટે માબાપે પોતાના બાળક પર એની ધગશ અને નિષ્ઠાને ધ્યાનમાં લઈ તેની પર વિશ્વાસ મૂકવો પડે. તેમાં બાળકને જરૂર પડયે નાણાકીય જોગવાઈ કરી આપવાથી માંડીને તેના શિક્ષણ કે અભ્યાસને થોડા સમય માટે બાજુ પર મૂકવાની છૂટ આપવા સુધીની બાબતનો સમાવેશ થાય છે.આવું એટલા માટે કરવું જોઈએ કે કિશોરો એક એવું સાહસ કરી રહ્યા છે કે જેના માટે તેઓ ખૂબ જ ઉત્સાહી હોય છે.

કિરણ મઝુમદાર શૉની ઓળખ આપવી હોય તો એ રીતે આપી શકાય કે તેઓ બાયોટેક કંપની 'બાયોકોન'નાં એમ.ડી.છે. યુવા ઉદ્યોગ સાહસિક અકાદમી,અમેરિકાના ફર્સ્ટ એવર ઇન્ડિયા રાઉન્ડ ખાતે તેઓ હાજર રહ્યાં હતાં અને ત્યારે એમણે જણાવેલ કે માબાપ અને એમના સંતાનોએ એમની ચોતરફ બનતી અનેક સફળ સ્ટાર્ટ અપ સ્ટોરી જોઈ છે કે તેનાથી તેઓ જોખમ લેવા માટે વધુ ને વધુ હકારાત્મક અને કોન્ફિડન્ટ બન્યા છે.આપણને જોખમ લઈ શકે એવી એક નવી પેઢીની આવશ્યકતા છે.અત્રે 'ઑન કૉલ નેનીઝ' એપ પણ લોન્ચ થઈ હતી. જાણી લઈએ કે આ એપના નિર્માણનો વિચાર મૂળ તો ગુરગાંવના ૧૩ વર્ષીય કિશોરનો છે.

ટ્રાફિક જામની સમસ્યાનું સમાધાન કે ઉકેલ માટે પણ એપ બની છે. રસ્તાઓ ઉપર જોવા મળતી ભીડ કે લોકોના જમાવને ઘટાડવા માટેની આ એપ એટલે વેલેટ પાર્કિંગ સર્વિસ.આ એપ બનાવવાનો વિચાર મુંબઈના ૧૭ વર્ષીય કિશોરને આવ્યો હતો.

ખેર,યુવા ઉદ્યોગ સાહસિક પ્રોગ્રામના ચોથા રાઉન્ડમાં એક ઉદ્યોગ સાહસિક ત્રિપુટીએ એક એવું પીણું પેશ કર્યું કે જેમાં પંચાણું ટકા ફ્રૂટનો રસ છે. આ ત્રિપુટીમાં પ્રણવી વેગેસ્ના,રાઘવ વાયએસ અને પ્રણવ કુમારનો સમાવેશ થાય છે.પાલ અને ચિન વર્ધમાન તથા જયાંશ ભારતીય કિશોરવયના ફિલ્મમેકર્સ છે.સંજય અને શ્રવણ કુમારન એપ ડેવલપર્સ છે. તમને જાણીને કદાચ આશ્ચર્ય થાય પણ હકીકત એ છે કે વર્ધમાન પરિવારે એમના બાળકો માટે મુંબઈમાં ફ્લેટ ખરીદ્યો છે કે જેથી તેમના બાળકો તેમની ઉનાળાની રજાઓમાં ફિલ્મમેકિંગના વિવિધ પાસાંનો અભ્યાસ કરી શકે.આ માતાપિતાએ એમના બાળકોને બે વર્ષ સુધી ઘરેબેઠા શિક્ષણ(હોમ સ્કૂલ) આપ્યું હતું કે જેથી કરીને તેઓ તેમની પ્રથમ ફિલ્મ શાંતિપૂર્વક બનાવી શકે.(આ ફિલ્મ ઇન્ટરનેશનલ એવોર્ડ જીતવા માટે મોકલાઈ હતી)

એપ ડેવલપરના પિતા અને મુખ્ય મૂડીરોકાણકાર કુમારન પોતાના અભિપ્રાયમાં જણાવે છે કે, " તે એક રોમાંચ હતો. એપના નિર્માણ થકી મારા બાળકો 'એપ્પલ'ની અઘરી જરૂરિયાતો પૂર્ણ કરે છે અને તે

પણ કિશોરવયે.એટલે આ બધું મને ઘણું જ રોમાંચક અને આશ્ચર્યજનક લાગે છે.''

ખેર,૧૩ વર્ષનો ગુરગાંવનો કિશોર અવિ દયાની કહે છે કે , '' એક વર્ષ અગાઉ મારી મમ્મીને વિદેશમાં કામ માટે જવાનું થયું હતું.અમારી નોકરાણીએ કામ પર આવવાનું બંધ કરી દીધું હતું. એ વખતે મેં જોયું હતું કે મારા પપ્પા કોઈની મદદ વિના એકલા એકલા ઘરનું કામકાજ નિપટાવવા સ્ટ્રગલ કરતા હતા અને એટલે એપના એક આઈડિયા સાથે હું પેશ થયો.''

અવિની આ એપનું નામ છે શૅની. તેને 'શોર્ટ સર્વિસ નેની' તરીકે પણ ઓળખવામાં આવે છે.અવિ હાલ સાતમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેના વર્ગનો મિત્ર નક્શ કોહલી તેના ધંધામાં ભાગીદાર તરીકેની ભૂમિકા પણ ભજવે છે.ખેર,પાયાનું બજાર સંશોધન પૂર્ણ થયું છે.કોહલીના જણાવ્યા પ્રમાણે એ લોકોએ અડોશપડોશમાં રહેતા લોકોનો સર્વે કર્યો હતો. તેમને જાણીને આશ્ચર્ય થયું હતું કે કેટલા લોકો એક શિક્ષિત આયાને તેના કામ માટે નાણાં ચૂકવવા તૈયાર છે. સર્વે દરમિયાન આયાના બે કલાકના કામ માટેની ફી રૂા. ૧૦૦૦ એમને સાંભળવા મળી હતી.ત્યારબાદ તેમણે આયાની ફી ૭૦૦ રૂા. નક્કી કરી હતી. તેમણે સ્વયં ૩૦ ટકા કમિશન લેવાની વાત કરી હતી અને ૪૯૦ રૂા. આયા એના ઘરે લઈ જશે એવું નક્કી થયું હતું.

સ્થાનિક રહેવાસીઓના સંગઠને આ બાળકોને બેબીસીટરની યાદી બનાવવામાં મદદ કરી હતી.આ એપની વિશેષતા એ છે કે જે તમને બેબી સીટર્સના વિકલ્પો આપશે. આ એપમાં જે તે આયા કે બેબી સીટરનું રેટિંગ્સ અને પર્સનલ ડિટેઈલ્સ દર્શાવવામાં આવી છે.તમને જે અનુરૂપ આવે તે આયા પસંદ કરી શકો છો.આ કિશોરોએ નિર્માણ કરેલ એપનું ટાર્ગેટ ઓડિયન્સ જો કોઈ હોય તો તે ન્યુક્લિયર ફેમિલીઝ એટલે કે વિભક્ત કુટુંબો કે પરિવારો છે કે જ્યાં બંને જણ કામ કરતાં હોય! ખુશીની વાત એ છે કે યંગ એન્ટરપ્રિન્યોર એકેડેમી ખાતે આ એપ રૂા.૫૦,૦૦૦નું પ્રથમ પ્રાઈઝ જીતી હતી. આ કિશોરો માટે આગામી કદમ એ રહેશે કે તેઓ તેમની કંપનીની નોંધણી કરશે અને માર્ચ ૨૦૧૭માં આ એપનું બીટા વર્ઝન લૉન્ચ કરશે. તેમાં દયાની સીઈઓ તરીકે અને કોહલી સીએફઓ તરીકે કામ કરશે.દયાનીના કહેવા અનુસાર યંગ એન્ટરપ્રિન્યોર એકેડેમી કાયદેસર રીતે એમને મદદ કરે છે. દયાનીના માબાપ, નક્શના મમ્મીપપ્પા અને દયાનીના કાકા કે જેઓ લૉયર છે તે પણ મદદ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અવિક ચટ્ટોપાધ્યાય દયાનીના પપ્પાના બિઝનેસ પાર્ટનર છે. તેમણે 'શૅની' એપ માટે પંદર હજાર રૂપિયાનું રોકાણ કર્યું છે. વળી,ઈ-ટેઈલિંગ વેબસાઈટ શૉપક્લ્યુઝના



બે વર્ષ પૂર્વે જ્યારે ચિન અને પાલ વર્ધમાન સાતમા ધોરણમાં હતા ત્યારે તેમણે બે છોકરા અને એક એલિયન અંગેની એક સાયન્સ ફિક્શન મુવી બનાવી હતી. ધ એડવેન્ચર ઓફ પાલચિન્ગીરી નામની આ ફિલ્મ વર્ષ ૨૦૧૫માં પૂર્ણ થઇ અને તેઓ હાલ સોળ વર્ષના છે.

ફાઉન્ડર(સ્થાપક) રાધિકા અગ્રવાલે એમના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે, '' શૅની એપે મારું ધ્યાન એટલા માટે ખેંચ્યું હતું કે તે એપ આપણે ત્યાં સતત ચાલતો આવતો પ્રોબ્લેમ ચૂટકીમાં ઉકેલી દે છે. હું એક વ્યવસાયી મહિલા હોઈ બહુ સારી રીતે જાણું છું કે એક શિક્ષિત અને સારી આયા શોધવી કેટલું કઠિન કામ છે! એપ 'શૅની'નો મકસદ કે હેતુ શુભ છે. હાલના સમયમાં આયા મેળવવાની કે રાખવાની સમસ્યા નિવારવા માટે આ એપ ખૂબ ઉપયોગી સાબિત થશે.આવું વિચારીને જ મેં આ એપ માટે પચ્ચીસ હજાર રૂપિયા આપ્યા છે.''

શ્રવણકુમારન અને સંજયકુમારનની વય અનુક્રમે ૧૬ અને ૧૫ વર્ષ છે. ' ગો ડાયમેન્શન્સ' નામની વર્ષ ૨૦૧૧માં સ્થાપવામાં આવેલી કંપનીના પ્રેસિડેન્ટ શ્રવણ છે. જ્યારે સીઈઓ સંજય છે.ચેન્નઈમાંથી આવતા આ બંને જણ સ્ટિવ જોબને આદર્શ માનતા હતા.જેમ કેટલાક બાળકો બંબાવાળા કે પાઈલોટ બનવાનું સ્વપ્ન જોતા હોય છે; આ બાળકોએ 'એપલ' માટે એપ બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું.તેઓ કમ્પ્યુટર પ્રત્યે વધારે લગાવ ધરાવતા હતા.અને તેમના પિતા કુમારને (સોફ્ટવેર એન્જિનિયર) એમને કોમ્પ્યુટર પ્રોગ્રામિંગનું પાયાનું નૉલેજ પૂરું પાડ્યું હતું.અને આ રીતે તેઓ ઍપ બનાવી શક્યા.

શ્રવણ અને સંજય અનુક્રમે ૧૧ અને ૧૦ વર્ષની વયે અદ્યતન સામગ્રી ( એડવાન્સ્ડ મટિરિયલ)નું વાંચન કરતા હતા.જટિલ પ્રોગ્રામિંગ પણ પોતાની જાતે તૈયાર કરતા હતા.સંજય એ વખતે પણ ત્રીજા ધોરણમાં હતો.વર્ષ ૨૦૧૧માં તેમણે તેમની પહેલી એપ બનાવી હતી. આ એપનું નામ હતું : કેચ મી કોપ.-ઑફલાઈન ચોર પોલીસ ગેઈમનું આઈઓએસ વર્ઝન.વર્ષ ૨૦૧૧માં તેમણે તેમની ભાગીદારી પેઢી (ફર્મ)નું રજિસ્ટ્રેશન કરાવ્યું અને તેમની એપ સબમિટ કરાવી.

જ્યાં સુધી જે તે એપની ટેસ્ટિંગ પ્રોસિજરની વાત છે; એપલ કંપનીની ટેસ્ટિંગ પ્રોસિજર ખૂબ જ જટિલ હોય છે.જો એપમાં થોડી ક્ષતિ રહી ગઈ હોય અથવા જો તે વિઝ્યુઅલી અપીલિંગ કરતી ન હોય તો કંપની તેને રિજેક્ટ કરવામાં એક ક્ષણની પણ વાર લગાડતી નથી.સામાન્ય રીતે ટેસ્ટિંગ પ્રોસેસમાં તે બે અઠવાડિયા જેટલો સમય લે છે.પછી કોઈક જવાબ આપે છે.જોકે આ કિશોરોએ ડેવલપ કરેલી એપની સ્વીકૃતિનું પરિણામ માત્ર એક જ અઠવાડિયામાં આવ્યું હતું.શ્રવણના કહેવા અનુસાર આ એપની સ્વીકૃતિની ખુશીમાં એના પપ્પા ઘરે ઉજવણી કરવા માટે કેક લઈ આવ્યા હતા.ત્યારથી લઈને આજ લગી આ કિશોરોએ 'એપલ' માટે સાત જેટલી વિવિધ એપ બનાવી છે.ગેમિંગ એપ્સ,પ્રેયર એપ્સ,હેલ્પલાઈન એપ્સ અને ઈમરજન્સી નંબર એપ્સ.એન્ડ્રોઈડના પ્લે સ્ટોર માટે તેમણે ત્રણ એપનું નિર્માણ કર્યું છે. વર્ષ ૨૦૧૫માં તેમણે ન્યૂ વિન્ડોઝ ફોન સ્ટોર હેતુ તેમની પ્રથમ એપ લૉન્ચ કરી હતી.

ખેર,'ગો ડાયમેન્શન્સ'નો પ્રમુખ શ્રવણ(૧૬ વર્ષ) કંપની પાછળ ફાળવવામાં આવતા સમય અંગે વાત કરતાં જણાવે છે કે,'' જ્યારે પરીક્ષા ન હોય ત્યારે અમે દિવસનો ઓછામાં ઓછો એક કલાક અમારી કંપની માટે ફાળવીએ છીએ.અમારા મગજમાં એક હજાર વિચારો સમાયેલા છે.એટલે અમારે એ નક્કી કરવાની જરૂર છે કે કયો વિચાર વ્યવહારુ રીતે શક્ય છે.''

પરીક્ષાના સમયે તેઓ ચા પીતાં પીતાં જૂથચર્ચા કરે છે.તેઓએ કમ્પ્યુટર ઉપરાંત આઈપેડ, એન્ડ્રોઈડ અને વિન્ડોઝ ફોનમાં રોકાણ કર્યું છે.તેમના પિતા જાણે વેન્ચર કેપિટાલિસ્ટ હોય એમ તેઓ એમની સાથે વ્યવહાર કરે છે.